Rotary Club of Surendranagar

SERVE TO CHANGE LIVES

RI CLUB ID : 15139

RI DISTRICT : 3060

CHARTER DATE : 29th MAY 1955

| R.I. President | DISTRICT GOVERNOR | Club President | Club Secretary |
|---|---|---|---|
| Rtn. Shekhar Mehta | Rtn. Santosh Pradhan | Rtn. Rashmin Mehta | Rtn. Sagar Shah |

# ENDEAVOUR

બુલેટીન નં ૨- ૩ વર્ષ -૬૮

## પ્રથમ મીટીગ નો અહેવાલ બુધવાર તા:-૭-૭-૨૦૨૧







Meeting ની શરૂઆત આ વર્ષના પ્રેસિડેંટ રશ્મિન મેહતા તથા સેક્રેટરી સાગર શાહ એ સર્વે ને આવકારી ને કરી.

મીટિંગ કોલ્ડ ટુ ઓર્ડર આપડા Sergeant-At-Arms ડૉ. જયેશ અગ્રાવત એ કર્યા બાદ, થી ફોર વે ટેસ્ટ માટે સોહમ ગદાણી આવ્યા હતા. હેમાંલીબેન દફતરી એ સુવિચાર રજૂ કર્યો હતો. એટેંડંસ પરિમલ ભાઈ મોદી દ્વારા રજૂ કરવા માં આવી હતી જ્યારે બર્થડે અને એનીવેરસરી ગ્રીટિંગ્સ દીપલબેન મેહતા દ્વારા કરવા માં આવી હતી.

ત્યારબાદ Tree Plantation Project નો અહેવાલ Rtn. પારસ સોલંકી એ આપ્યો હતો।

મંથલી સર્વિસ પ્રોજેક્ટ માં બ્લડ ડોનેશન કૅંપ, તાલપતરી વિતરણ, પ્રોજેક્ટ હુંફ અને અન્નપૂર્ણા પ્રોજેક્ટ વિષે ચર્ચા કરવા માં આવી.

રોટરી ક્લબ ઓફ વઢવાણ મેટ્રો, રોટરી ક્લબ ઓફ વઢવાણ સિટિ અને રોટરી ક્લબ ઓફ સુરેન્દ્રનગર ના સંયુક્ત ઉપક્રમે મેગા બ્લડ ડોનેશન કૅંપ કરવો જેમાં આશરે 550 બ્લડ બૉટલ નું કલેક્શન કરવા નો ટાર્ગેટ નક્કી કરવા માં આવ્યો. બ્લડ ડોનેશન કૅંપ માં થતો તમામ ખર્ચ મહિપતલાલ કસ્તુરચંદ શાહ પરિવાર તરફ થી સ્પોન્સર કરાશે.




ત્યાર બાદ ચોમાસામાં તાડપતરીના વીતરણ પ્રોજેક્ટ વીશે ચર્ચા કરવામા આવી. તાડપતરી ની વ્યવસ્થા Rtn. અપૂર્વ શેઠ  તથા Rtn. સીધ્ધેશ મહેતા  ની મદદ થી પડતર કીંમતે રોટરી ને મળે તે માટે વ્યવસ્થા કરી. આ પ્રોજેક્ટ માટે નુ  ડોનેશન  Rtn. હર્ષદ મહેતા - Rs.1000 , Rtn. ઉલહાસ મરાઠે - Rs.1400 , Rtn. નીતીન શાહ  - Rs.1000 દ્વારા આપવામાં આવ્યા.

ત્યારબાદ હુંફ પ્રોજેક્ટ વીશે વીગતવાર માહીતી Rtn.ડૉ. જયેશ અગ્રાવત દ્વારા આપવામાં આવી. જેમાં પ્રેગનેંટ મહિલાઓ નું સ્વાસ્થય , બાળકો નું સ્વાસ્થય તથા સર્વાયકલ કેંન્સર તથા વેકશીનેશન વીશે ચર્ચા કરવામાં આવી.




આપણા સુરેન્દ્રનગર જીલ્લા નાં સાંસદ સભ્ય ડો. મહેન્દ્રભાઇ મુંજપરા રાજ્ય કક્ષાના મીનીસ્ટર તરીકે વરણી થતા તેઓ શ્રી એ Rtn. ડો. નથવાણી સાહેબ ને ફોન કરીને રોટરી પરિવાર પાસે થી શુભેચ્છા અને આર્શીવાદ માંગ્યા હતા. જે તેમની નીખાલસ્તા અને રોટરી પરિવાર માટે નો પ્રેમ દર્શાવે છે. આ તકે આપણે સૌ તેમને ખુબ ખુબ શુભેચ્છા તથા અભિનંદન પાઠવીએ છીએ.

ત્યારબાદ મંથલી પ્રોજેક્ટ  માં અન્નપૂર્ણા  પ્રોજેક્ટ નુ આયોજન કરવામાં આવ્યુ છે. જેમા જૂલાઇ મહીનામાં Rtn. અપૂર્વ શેઠ  તરફથી કરવામાં આવશે. આ સીવાય Rtn. હર્ષદ મહેતા , Rtn. સીધ્ધેશ મહેતા , Rtn. ડો મમતાબેન દોશી , Rtn. ઋતા સોની, Rtn .અપૂર્વ શેઠ તરફથી આ પ્રોજેક્ટ માટે ડોનેશન  નુ કનફોર્મેશન આપવામાં આવ્યુ છે.




આ meeting માં "Today's Talk" ના Speaker Rtn. Dr. અંકુર શાહ  હતા. તેમણે ટુંકા સમયની અંદર પાવરપોઈન્ટ પ્રેઝેંટેશન તૈયાર કરીને ડેન્ટલ હેલ્થ એન્ડ હાયજીન વીશે ખુબ વીગત વાર માહિતી આપી. શરૂઆત માં તેમણે દાત અને પેઢા ની રચના વિષે માહિતી આપી, વિગતવાર સમજવા માં આવ્યું કે દાત અને પેઢા માં કેટલી પરત હોય છે અને દરેક પરત શું કામ કરે છે. તેમણે બ્રુશિંગ ટેક્નિક અને ફ્લોસિંગ વિષે માહિતગાર કર્યા. બ્રશ કરવા માટે કેવી ટૂથપેસ્ટ વાપરવી, દાત ને કેવી રીતે સાફ રાખવા અને વિવિધ પ્રકાર ના ખોરાક થી થતાં ફાયદા અને નુકશાન

વિષે ખૂબ સરસ માહિતી પૂરી પાડી. આગળ તેઓ એ દાત માં થતાં રોગ, જડબા અને દાત ની અકુદરતી રચના અને તેને સુધારવા માટે ની ટ્રીટમેન્ટ વીશે સમજ આપી. ડેંનટીસ્તરી માં અધ્યતન ટેક્નોલોજી નો ઉપયોગ અને વપરાતા જુદા જુદા ધાતુ અને પદાર્થ વીશે માહિતગાર કર્યા.

આપણા ફર્સ્ટ લેડી Rtn. ભાવનાબેન મેહતા નો જન્મદિવસ હોવા થી તેમના તરફથી આઇસ-ક્રીમ પાર્ટી આપવામા આવી.






## 14-7-21 Meeting નો અહેવાલ




મીટિંગ કોલ્ડ ટુ ઓર્ડર આરતિબેન દિલીપભાઇ શાહ એ કર્યા બાદ, થી ફોર વે ટેસ્ટ માટે દીપાબેન કાગડા આવ્યા હતા. માયાબેન રાવલ એ સુવિચાર રજૂ કર્યો હતો. એટેંડંસ અમીબેન સિદઘેશભાઈ વોરા દ્વારા રજૂ કરવા માં આવી હતી જ્યારે બર્થડે અને એનીવેરસરી ગ્રીટિંગ્સ કાજલબેન હર્ષદભાઈ મેહતા દ્વારા કરવા માં આવી હતી.

Rtn. ડૉ. સાતની સાહેબ એ પ્રેસિડેંટ અને સેક્રેટરી ને બેસ્ટ વિશીઝ પાઠવી હતી અને વિશ્વ પ્રાર્થના ઉપર ટૂંક માં પ્રવચન આપ્યું હતું. તેઓ એક હૃદય સ્પર્શી અને માનસિક શાંતિ આપે તેવી પ્રાર્થના ઉચ્ચારી હતી.

ત્યારબાદ રોટરી ન્યુસ એન્ડ હાઇલાઇટસ માં Rtn. ઋતા સોની એ "**થી ફોર વે ટેસ્ટ**" શું છે. તેની વિસ્તૃત માહિતી આપી. થી ફોર વે ટેસ્ટ ક્યાં થી ઉદભવ્યો તેના વિષે વાત કરી. થી ફોર વે ટેસ્ટ બિઝનેસ એથીક્સ નું એક ઉમદા ઉદારણ છે જે 1932 માં Rtn. હરબેર્ટ જે ટેલર, જે એક બંધ થવા ની કગાર ઉપર

આવેલી કંપની નો ચાર્જ લેતા પેહલા સ્થાપ્યો,  જેઓ આગળ જતાં રોટરી ઇન્ટરનેશનલ પ્રેસિડેંટ પણ બન્યા.

24 શબ્દો નો આ સૂત્ર આગળ જતાં કંપની ના બધા જ કામદારો ને તેમના સ્તકેહોલ્ડર ની સાથે ના વર્તન માં ધ્યાન માં લેવા થી કંપની ની કાયા પલટ થઈ. 1943 માં રોટરી ઇન્ટરનેશનલ એ આપનાવ્યો અને ઘણી ભાષા માં અનુવાદ થયો.




ત્યારબાદ Rtn. ધ્વનિજ પાટડિયા એ તાડપતરી વીતરણ વીશે ની માહિતી આપી.

તારીખ..11-જુલાઈ-2021 રવિવાર ના રોજ સવાર 10:30 કલાકે રોટરી ક્લબ પર સહુ મળ્યા. અને ત્યાંથી પ્રોજેક્ટ ની શરૂઆત કરાઇ .પ્રોજેક્ટ અધ્યક્ષ અપૂર્વભાઇ શેઠ અને સિધ્ધેશભાઈ મહેતા  જેમણે ટાડપત્રી ની ખરીદી તથા તેના ઉપર  રોટરી સુરેન્દ્રનગર ના લેબલ તદ્દન ઝડપી અરેન્જ કરી આપ્યા હતા. પ્રેસિડન્ટ ..રશ્મિન ભાઈ મહેતા, ડો.સિદ્ધેશભાઈ વોરા, પરિમલભાઈ મોદી, જયભાઈ મહેતા, કલ્પેશભાઈ વાડ્રા, ભાવિકભાઈ વોરા, દિપકભાઈ સેજપાલ  આ પ્રોજેક્ટ માં જોડાયા હતા.




પહેલું સ્ટેન્ડ દુધરેજ વિચરતી જાતિ સમુદાય જ્યાં આશરે 30 થી 35 ઝુંપડા હતા. જરૂરીયાત પ્રમાણે લિસ્ટમાં નામ લખી અને આશરે 30 થી 32 ટાડપત્રી નુ વિતરણ કર્યા બાદ બીજું સ્ટેન્ડ રતનપર બાયપાસ પાસે આવી વસ્તી જ્યાં ટાડપત્રી ની ખુબજ જરૂર હતી, ત્યા ૨૦ નંગ જેટલી અર્પણ કરી હતી.  આમ  ટોટલ 50 નંગ ટાડપત્રી નું વિતરણ કર્યું હતુ. સેવા ના આ કાર્ય મા ભાવીનભાઇ સાથે જોડાયા હતા. અને વિતરણ માટે નુ માર્ગ દર્શન આપયુ હતુ.




ત્યાર બાદ પ્રેસિડેંટ રશ્મિન મેહતા એ વ્યસન મુકતી પ્રોજેકટ તથા સે નો ટુ પ્લાસ્ટીક પ્રોજેકટ વીશે ચર્ચા કરી.

લતાબેન પરીખ  (લીંબડી) દ્વારા હુંફ પ્રોજેકટ માટે Rs.12000 જાહેર કરવામાં આવ્યા.

ત્યારબાદ Rtn. અપૂર્વ અને કામીની શેઠ ની વેડીંગ એનીવરસરી  હોવાથી આઇસ-ગોલા  ની પાર્ટી આપવામાં આવી.


Samsung Triple Camera
Shot with Galaxy Note10 Lite


Samsung Triple Camera
Shot with Galaxy Note10 Lite


Samsung Triple Camera
Shot with Galaxy Note10 Lite


water...basic
Rotary's working on it
ROTARY CLUB OF SURENDRANAGAR
Rotary.
Humanity in motion.
www.rotary.org
Samsung Triple Camera
Shot with Galaxy Note10 Lite


water...basic
Samsung Triple Camera
Shot with Galaxy Note10 Lite


Charter No. 15139
RI DISTRICT : 3060
ROTARY INTERNATIONAL
SERVE TO CHANGE LIVES
ROTARY CLUB OF SURENDRANAGAR
Samsung Triple Camera
Shot with Galaxy Note10 Lite


SHEKHAR MEHTA
2021-22 President
Rotary International
SANTOSH PRADHAN
2021-22 Governor
District 3060
SERVE TO CHANGE LIVES
Rotary
Samsung Triple Camera
Shot with Galaxy Note10 Lite


SERVE TO CHANGE LIVES
Rotary
Samsung Triple Camera
Shot with Galaxy Note10 Lite


SHEKHAR MEHTA
2021-22 President
Rotary International
SANTOSH PRADHAN
2021-22 Governor
District 3060
SERVE TO CHANGE LIVES
Rotary
Samsung Triple Camera
Shot with Galaxy Note10 Lite




# Cakes and Candles




**Birthday**

12th July — Spo. Vandana Rushabh Shah.

**Birthday**

14th July — Birthday. Spo. Jinal Bhavik Vora.

**Wedding Anniversary**

14th July — Rtn. Appoorv and Kamini Sheth.

**Wedding Anniversary**

18th July — Rtn. Deepak and Usha Sejpal.